





જડીબુટ્ટી

નજુમી



# પિતૃ શાપ ખરેખર કેવો લાગે છે? આ શાપદોષમાંથી મુક્તિ કેવી રીતે મળે?

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

પિતૃશાપ જ પિતૃદોષ છે પરંતુ આ શાપમાંથી મુક્તિ તમારા ઘરમાં કકળાટ, કલેશ, ધન, આરોગ્ય, સંતાનના ઉચ્ચ ભવિષ્ય પર કેવી રીતે ક્રિયા કરે છે તેમ જ તેને કેવી રીતે ઠીક કરી શકાય છે.

શાસ્ત્રોમાં સાત લોકોનું ઘણું વિસ્તારથી વર્ણન થયું છે. આ સાત લોક છેઃ બ્રહ્મલોક, સૂર્યલોક, સ્વર્ગલોક, ચંદ્રલોક, પિતૃલોક, મૃત્યુલોક અને પાતાળલોક. આમાંથી મૃત્યુલોકની સાથે જીવિત મનુષ્યો એટલે કે સમસ્ત પ્રાણીઓનો સંબંધ રહે છે. જ્યારે મૃતાત્માનો સંબંધ પિતૃલોકની સાથે માનવામાં આવે છે. એ વાત સત્ય છે કે, બધાં મૃતાત્માઓ પિતૃલોક સુધી પહોંચી નથી શકતાં... આ પિતૃલોક સુધી ફકત શુભ કર્મ કરનાર આત્મા જ પહોંચે છે. અન્ય દિવંગત મૃતાત્માઓને પોતપોતાનાં કર્મો અનુસાર મૃત્યુલોકમાં રહીને જ ભૂત, પ્રેત, પિશાચ વગેરે જેવી નિમ્નસ્તરીય યોનિઓમાં ભટકવું પડે છે. રુદ્ર, વસુ અને આદિત્ય પિતૃલોકના દેવ માનવામાં આવે છે. એટલા માટે પિતૃઓને ‘પિતૃદેવ’ કહેવાય છે. એવું માનવામાં આવે છે કે, ભીષ્મ પિતામહને પિતૃ દેવના રૂપે પિતૃલોકમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયું હતું.

‘પિતૃ શાપાત્સુતઃ ક્ષયઃ’- અર્થાત્ પિતૃદોષના કારણે સંતાનનું નષ્ટ થઈ જવું અને વંશ ક્ષય સુધી ખતરો પણ થાય છે.

જે પરિવારોમાં સંતાનો દ્વારા પોતાનાં મા-બાપ વગેરે વડીલો-વૃદ્ધોને પૂર્ણ માન-સન્માન અપાતું નથી એટલે કે જે સંતાને પોતાનાં મા-બાપને જીવતાં જ પરેશાન કરીને કષ્ટ આપ્યું છે અથવા જે પુત્ર મૃત્યુ બાદ તેમનાં મા-બાપની વિધિ સંવત્ અંત્યેષ્ટિ સંસ્કાર સંપન્ન નથી કરાતાં તે પરિવારોમાં મા-બાપના મૃત્યુ બાદ અચાનક જ નાના પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ જાય છે. આ જ પિતૃદોષ કે પિતૃશાપનું ‘ફળ’ હોય છે. પિતૃદોષને કારણે એવાં પરિવારોમાં અચાનક જ અનેક પ્રકારના ઉપદ્રવ ઊભા થવા લાગે છે. આવાં પરિવારોમાં રોજ કલેશપૂર્ણ વાતાવરણ રહે છે. આ પરિવારોમાં છોકરાં-છોકરીઓ પોતાનાં મા-બાપની આજ્ઞા નથી માનતાં. આ પરિવારોમાં બાળકો પણ ચરિત્રહીન બની જાય છે. પતિ-પત્નીને કારણ વગર એક-બીજા પર ગુસ્સો આવવા લાગે છે. તેમની વચ્ચે અચાનક જ અવિશ્વાસનો ભાવ પેદા થવા લાગે છે. આવાં પરિવારોમાં કોઈ પણ માંગલિક શુભ કાર્ય શાંતિપૂર્વક સંપન્ન થતાં નથી! આર્થિક વિષમતાની સ્થિતિમાં પણ એવાં પરિવારોમાં સામાન્ય બની રહે છે!

## ધર્મ ગ્રંથોમાં પિતૃદોષનું વર્ણન

માર્કન્ડેય પુરાણમાં એક જગ્યાએ ઉલ્લેખ આવ્યો છે કે, પુત્રાદિ દ્વારા શ્રાદ્ધાદિ કર્મ કરતાં રહેવાથી તૃપ્ત થયેલાં પિતૃઓ પોતાનાં સંતાનોનું સ્વાસ્થ્ય, દીર્ઘાયુ, આરોગ્યતા, સુખ-સમૃદ્ધિ, સેવાભાવી સંતાન તેમજ ઉચ્ચ પદ-પ્રતિષ્ઠા પ્રાપ્તિના આશીર્વાદ આપે છે, પરંતુ તેનાથી વિપરીત (ઊલટું) જે સંતાન પોતાનાં પિતૃઓને આદર, માન-સન્માન અને સ્મરણ કરતું નથી... શ્રાદ્ધ-તર્પણ વગેરે કર્મ દ્વારા તેમને તૃપ્તિ અપાતી નથી... જે સંતાન મૃત્યુ બાદ તરત જ પોતાનાં પિતૃઓને ભૂલી જાય છે... આવાં સંતાનોને તેમનાં અસંતુષ્ટ પિતૃ શાપ વગેરે આપીને પરેશાન કરતાં રહે છે. એટલા માટે આવાં સંતાનોને નાનાં-મોટાં કષ્ટ, સંતાપ ભોગવવા માટે વિવશ થવું પડે છે. પિતૃ શાપ (પિતૃદોષ)થી ગ્રસ્ત આવાં લોકો વગર કારણે જ કોઈ અસાધ્ય રોગનો શિકાર બની જાય છે અથવા તેમને પોતાનાં જીવનમાં દુઃખ, દુર્ભાગ્ય, ગૃહ-કલેશ, કકળાટ, લડાઈ-ઝઘડાનો સામનો કરવો પડે છે. પોતાના જીવનસાથી જોડે કારણ વગર વિયોગ ભોગવવો પડે છે. પિતૃદોષના કારણે જ આવાં લોકોની પિતૃક સંપત્તિનો નાશ થઈ જાય છે. ધંધા-વ્યવસાયમાં તીવ્ર નુકસાન અને સમય-બે-સમયે દુર્ઘટનાઓનો શિકાર થવું પડે છે.

**ઉપાયઃ** પિતૃ શ્રાદ્ધ, તર્પણથી સંતાનોને ધન, સંપત્તિ, વિદ્યા, દીર્ઘાયુ, રાજ્ય પ્રસન્નતાની સાથે-સાથે સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ થાય છે. શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરતી વખતે તુલસીનો પ્રયોગ કરવો. તેનાથી પિતૃ વગેરે વધારે પ્રસન્ન થાય છે. આ માટે સરળ રસ્તો છે. જાતે ફાવે તો પણ પિતૃ તર્પણ, પિતૃ સ્તોત્રો વગેરે કરી શકાય. પરંતુ જાણકારી ના હોય તો કોઈ વિદ્વાન બ્રાહ્મણને ઘરે બોલાવીને તર્પણ, પિંડદાન, બ્રહ્મભોજન, દાન-દક્ષિણા વગેરે કરી શકાય. આ કર્મમાં-વિધિમાં દેખાડો બિલકુલ કરવાનો નથી. શ્રદ્ધાથી શ્રાદ્ધ કરવાનું છે. તો તમે તેમના આશીર્વાદથી સો ટકા વધારે સુખી થશો. ભલે તમે કોઈ પણ જગ્યાએ પિતૃદોષની વિધિ કરાવી હોય પરંતુ શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓના ફોટા મૂકી સ્વચ્છ કરી, ચંદનનું તિલક કરવું. દીવો પ્રગટાવવો. ચંદનનો ધૂપ (અગરબત્તી નહીં) પ્રગટાવવો અને ઘરનાં સર્વે જણાં ભેગાં થઈને બે હાથ જોડીને ‘પિતૃનારાયણ દેવાય નમઃ’ મંત્ર બધાએ શ્રદ્ધાથી બોલવા અને શ્રીહરિ વિષ્ણુ ભગવાન અમારાં સર્વ પિતૃઓને સદ્ગતિ, મોક્ષ આપે તેવી પ્રાર્થના કરીને ત્રણ વખત ‘ૐ વિષ્ણવે નમઃ’ બોલવું.



**પોતાનાં પરિવારોમાં છોકરાં-છોકરીઓ પોતાનાં મા-બાપની આજ્ઞા ના માનતાં હોય... બાળકો પણ ચરિત્રહીન બની જતાં હોય છે**

# પિતૃ પક્ષનું સમાપનઃ

## સર્વ પિતૃ અમાસ? જો જો આ વખતે પણ પિતૃઓ રિસાઇને જતા ના રહે

પિતૃ પક્ષ હિંદુ ધર્મમાં એક અત્યંત પાવન અને શ્રદ્ધાથી પરિપૂર્ણ સમય હોય છે, જેમાં આપણે આપણાં પૂર્વજોનું સ્મરણ કરીને તેમનું તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ કરીએ છીએ. આ 15 દિવસીય સમય દરેક વર્ષે ભાદરવા સુદ માસની પૂર્ણિમાથી ભાદરવા વદ અમાસ સુધી ચાલે છે.

દરમિયાન ખાસ કરીને ‘સર્વ પિતૃ અમાસ’ જે આ વર્ષના પિતૃ પક્ષનો અંતિમ દિવસ છે. એવું માનવામાં આવે છે કે, આ દિવસે વિધિપૂર્વક કરેલાં કર્મ અને શ્રદ્ધાથી પૂર્વજોના આત્માને શાંતિ મળે છે અને તે પોતાનાં વંશજોને આશીર્વાદ આપે છે. જો તમે આ દિવસે કંઈક વિશેષ કાર્ય કરતાં હો તો પિતૃઓની કૃપા પ્રાપ્ત થઈ શકે છે અને જીવનમાં સુખ-સમૃદ્ધિનો માર્ગ પ્રશસ્ત થાય છે!

સર્વપિતૃ અમાસનું શુભ મુહૂર્ત

- કુતુપ મુહૂર્તઃ સવારે 11.50 થી બપોરે 12.38 સુધી
-રોહિણી મુહૂર્તઃ બપોરે 12.38 થી 1.27 સુધી.
- અપરાહ્ન કાળઃ બપોરે 1.27 થી 3.53 સુધી.

વૈદિક પંચાંગ અનુસાર 21 સપ્ટેમ્બરે ભારતીય સમય અનુસાર મોડી રાત્રે 12 વાગ્યાને 16 મિનિટ પર અમાસની શરૂઆત થશે. જ્યારે 22 સપ્ટેમ્બરે મોડી રાત્રે 01 વાગ્યાને 23 મિનિટે અમાસ તિથિ સમાપ્ત થશે. સનાતન ધર્મમાં ઉદયા તિથિ માનવામાં આવે છે. એટલા માટે 21 સપ્ટેમ્બરે ‘સર્વ પિતૃ અમાસ’ ઉજવાશે.

સર્વ પિતૃ અમાસે શુભ યોગ

સર્વ પિતૃ અમાસ પર શુભ અને શુકલ યોગ સહિત કેટલાયે મંગળકારક સંયોગ બને છે. તેની સાથે જ સર્વાર્થ સિદ્ધિ યોગ અને શિવવાસ યોગનું પણ નિર્માણ થાય છે.

સર્વ પિતૃ અમાસ પર પિતૃ પક્ષનું સમાપન થાય છે. આ દિવસે પિતૃઓનું તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ કરવામાં આવે છે. આ અમાસ પર આ બધાં કાર્યો-વિધિ કરવાથી પૂર્વજ પ્રસન્ન થાય છે અને તેમની આત્માને શાંતિ મળે છે અને પિતૃદોષ પણ દૂર થાય છે. પરંતુ આ બધું જ કંઈ કરવામાં ના આવે તો પિતૃઓ તમોને નિસાસા અને શાપ આપીને રુઠીને પાછાં ચાલ્યાં જાય છે તેથી તમો પાછાં હેરાન-પરેશાન થતાં રહો છો!

# વિપક્ષ કે દુશ્મન કેટલાયે પ્રબળ હોય તો પણ 2028ના અંત સુધી કોઈ હટાવી નહીં શકે

કાળચક્ર

યજ્ઞાનંદ



17 સપ્ટેમ્બરે માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. પી.એમ.નાં ચાહકો વધતાં જાય છે. વિદેશોમાં પી.એમ. મોદીનાં ભાષણોથી ભારત જ નહીં, વિદેશીઓ પણ ઉત્સાહિત રહે છે. 17 સપ્ટેમ્બર 2025ના રોજ નરેન્દ્ર મોદી 75 વર્ષના થઈ જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો 17 સપ્ટેમ્બર 1950માં ગુજરાતના વડનગર ખાતે બપોરે 12.09 પર અભિજિત મુહૂર્તમાં જન્મ થયો હતો.

પી.એમ. મોદીની જન્મ કુંડળી વૃશ્ચિક લગ્નની છે અને જન્મ રાશિ પણ વૃશ્ચિક છે. તેમના જન્મ લગ્નમાં ચંદ્ર અને મંગળ, ચોથે ગુરુ, પાંચમા ભાવમાં રાહુ, દશમા ભાવમાં શુક્ર અને શનિ તથા અગિયારમા ભાવમાં સૂર્ય અને બુધ-કેતુ બેઠેલા છે.

દેશના વડા પ્રધાન મોદીની કુંડળી જોઈએ તો વર્ષ 2028માં તેમને ‘રાહુની મહાદશા’ શરૂ થશે. આવનારા 2029ની ચૂંટણીમાં તે એક એકસટર્નલ ફોર્સ બનીને ચૂંટણીમાં ભાગ લેશે પરંતુ એક પી.એમ.ની જગ્યાએ હોવાથી પ્રતિનિધિત્વ નહીં કરી શકે. કુંડળી અનુસાર નવેમ્બર 2028માં તેમની રાહુની દશા શરૂ થશે. આ દશામાં સામાન્ય રીતે મનુષ્યના જીવનમાં અચાનક ઉતાર-ચઢાવ જોવા મળતો હોય છે. તેનાથી મનુષ્યનું આરોગ્ય અને ઊર્જાના સ્તર પર ખબર પડે છે. આ સમયમાં ખાસ એ જોવાનું છે કે, પી.એમ. મોદી ફરીથી વડા પ્રધાન 2029માં પ્રતિનિધિત્વ કરશે કે નહીં. કુંડળીમાં આ પ્રકારના યોગના નિર્માણથી એ અનુમાન કરી શકાય છે કે, શું વડા પ્રધાન મોદી 2029ની લોકસભા ચૂંટણી બાદ સન્યાસ લેવાનો નિર્ણય લેશે.

વર્તમાનમાં પી.એમ. મોદીની કુંડળીમાં ‘મંગળની મહાદશા’ ચાલી રહી છે જે 29 નવેમ્બર 2021થી પ્રારંભ થઈને 29 નવેમ્બર 2028 સુધી રહેશે. એટલે કે વર્ષ 2028 સુધી તેમને કોઈ હટાવી નહીં શકે! તેનાથી તેમની અને ભારતની તાકાત તેમજ સન્માન આખી દુનિયામાં ઘણી વધારે વધી જશે! ગુરુની અંતર્દશા થવાથી દુનિયાના બધા નેતાઓ મોદીને પોતાના નેતા માનશે અને દસમા ભાવમાં શુક્ર હોવાથી ચેલેન્જ તો ઘણી મળશે પણ ગુરુના કારણે તે બધામાં પાર પડી જશે!

વર્તમાનમાં તેમની કુંડળીમાં મંગળની મહાદશા અને શનિની અંતર્દશા ચાલી રહી છે. આ બંને ગ્રહોના શુભ પ્રભાવથી 2024ની લોકસભાની ચૂંટણી બાદ મોદી ત્રીજી વાર વડા પ્રધાન પદ પર રહેશે પરંતુ માનવામાં આવે છે કે 2026 સુધી મોદીજીને આરોગ્ય સંબંધી પરેશાની થઈ શકે છે. 7.12.2027 બાદ તેમની રાજકીય સ્થિતિમાં બદલાવ થવાનો પ્રારંભ થઈ જશે. ત્યાર બાદ 2028 સુધી તેમનું પદ બની રહેવું મુશ્કેલ બની જશે.

બીજી તરફ જોઈએ તો જૂન 2025 થી મે 2026 સુધી મોદીજીને સ્વાસ્થ્ય સંબંધી પરેશાની આવી શકે છે. જેમાં ખાસ કરીને તેમને પોતાના પેટનું વિશેષ ધ્યાન રાખવું પડશે. બધું મળીને જો આપણે જોવા જઈએ તો નવેમ્બર 2028 સુધી નિષ્કંટક રાજસત્તાના યોગ છે. વિપક્ષ કે દુશ્મન કેટલોયે પ્રબળ હોય તો પણ 2028ના અંત સુધી મોદીજીનું કંઈ જ બગાડી નહીં શકે! અંતમાં એક વાર ફરીથી માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને જન્મદિવસની અનેક શુભકામનાઓ.

ભારતીય સેનાના ‘ઓપરેશન સિંદૂર’ પછી પી.એમ. મોદીના નિર્ણયની સરાહના થઈ રહી છે.

2026 મે સુધી બુધની અંતર્દશા રહેશે. આ સમય વડા પ્રધાનના કદમાં વધારો કરશે અને તેમની લોકપ્રિયતા પણ વધશે. તેમની વાતચીત લોકોના મગજ સુધી પહોંચશે. તેમને એક ઉત્તમ નેતૃત્વકર્તાના રૂપે વધારે ઓળખ આપશે. પરંતુ પી.એમ. મોદીને આરોગ્ય સાથે સંકળાયેલી સમસ્યાઓ થઈ શકે છે. પાર્ટી અને દેશની અંદર આંતરિક સંઘર્ષ, જનઆંદોલનનો સામનો કરવો પડશે. કેટલાંક પોતાના જ પક્ષનાં લોકો સમસ્યા ઊભી કરશે.

બૃહસ્પતિ-ગુરુ ગ્રહનું ગોચર 2025માં મે મહિનાથી મિથુન રાશિમાં હોવાથી તે આધ્યાત્મિક ગતિવિધિઓમાં વધારે ભાગ લેશે... ત્યારે બની શકે કે, તે પોતાના ઉત્તરાધિકારી વિશે વિચાર પણ કરે! પરંતુ એક વાત છે કે, તેમના યશમાં વધારો થશે.

**પોતાનાં પરિવારોમાં છોકરાં-છોકરીઓ પોતાનાં મા-બાપની આજ્ઞા ના માનતાં હોય... બાળકો પણ ચરિત્રહીન બની જતાં હોય છે**

